सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

## રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.

ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૪૪/૨૦૨૬.
આંકઃ ૧૦

**અરજદાર/આરોપી.**

**રેહાન રજાકભાઈ ઓડીયા,**
ઉ.વ. આ.૧૯, વ્યવસાયઃ મજુરીકામ,
રહે. જંગલેશ્વર, ગાંધી સોસાયટી શેરી નં.૨,
તવકકલ ચોક, રાજકોટ.
(હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)

–// વિરૂધ્ધ //–

**સામાવાળા.**

(૧) શ્રી સરકાર.
(૨) મુળ ફરીયાદી

બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર તરફે :– વિધ્વાન વકીલશ્રી ટી.કે.બસલાણી.
સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ.

---

## ચુ કા દો –

૧. રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૨૨૬૦૦૭૮/૨૦૨૬, બી.એન.એસ.કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૬૪(૨)(એમ),૬૯ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૬,૧૨,૧૭ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

3. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપી ૧૯ વર્ષની ઉંમરનો છે. બંને વચ્ચે પ્રેમ–સંબંધ હતો. સમાધાન થઇ ગયેલ છે. મુળ ફરીયાદીએ આ કામે આંક–૦૮ થી સોગંદનામું રજુ કરેલ છે અને જામીન ઉપર છોડવા માટે વાંધો નથી. અરજદાર/આરોપી રાજકોટનો રહેવાસી છે. ટ્રાયલ દરમ્યાન તેમની હાજરી મળી આવી શકે તેમ છે. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. વધુમાં તેઓએ પોતાની દલીલમા જણાવેલ છે કે, ભોગબનનારની ઉંમર માત્ર ૧૫ વર્ષ અને ૨ માસની છે. ભોગબનનાર સાથે અવાર-નવાર દુષ્કર્મ આચરેલ છે. ભોગબનનારનુ મેડીકલ કરવામા આવેલ છે. આ કામે તપાસ ચાલુ છે. સમાધાનને પાત્ર ગુનો નથી. ગંભીર ગુનો કરેલ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૬. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. આ કામે ફરીયાદ જોવામાં આવે તો નામજોગ ફરીયાદ કરવામા આવેલ છે. ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ અને ૨ માસની છે. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ જોતા આરોપીએ ભોગબનનાર સાથે અવાર-નવાર દુષ્કર્મ આચરેલ છે. ભોગબનનારનુ મેડીકલ કરાવવામા આવેલ છે તેમજ તેણીનુ નિવેદન પણ નોંધવામા આવેલ છે. હાલમા તપાસ ચાલુ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તેમજ ભોગબનનારની ઉંમર ધ્યાને લેતા હાલના આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનુ ઉચીત જણાતુ નથી. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

૧. આ કામના અરજદાર/આરોપી **રેહાન રજાકભાઇ ઓડીયા,** ઉ.વ. આ.૧૯, વ્યવસાયઃ મજુરીકામ, રહે. જંગલેશ્વર, ગાંધી સોસાયટી શેરી નં.ર, તવકકલ ચોક, રાજકોટ વાળાની રાજકોટ શહેર રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૨૨૬૦૦૭૮/૨૦૨૬, બી.એન.એસ.કલમ-૧૩૭(ર), ૮૭, ૬૫(૧), ૬૪(ર)(એમ),૬૯ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૬,૧૨,૧૭ મુજબના ગુનાના કામની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન મેળવવા માટેની પ્રસ્તુત ફોજદારી પરચુ. અરજી નં.**૬૪૪/૨૦૨૬** આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧૧મી, માહેઃ માર્ચ સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઇ/ચા. સ્પે.જજ(પોકસો કોર્ટ)
અને એડી.સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

*//VVK//*